અનુસૂચિત જનજાતિના લોકોને માટેની વ્યક્તિગત
ધોરણે ગૃહ નિર્માણની યોજના.

---

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ગનય/૨૦૮૮/૧૩૫૫/ધ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૭-૮-૮૯

**વંચાણમાં લીધા:-**

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: એસસોડબલ્યુ/૧૨૮૦/૮૨૨૧૩/(૫૩૦૭)જ, તા. ૨૨-૧-૧૯૮૧.

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો સુધારો ક્રમાંક:એસસો-ડબલ્યુ/૧૨૮૧/૫૦૫૦૮(૩૨૯૭) જ, તા. ૫/૭/૧૯૮૨.

(૩) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:એલટીડબલ્યુ/૧૨૮૨/૧૩૪૫૭(૫૦૦)જ, તા. ૩/૬/૧૯૮૩.

(૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: સમસ/૧૩૮૭/મ.૭૨૮/૨૫૭૦/ખ, તા. ૨૨/૧૨/૮૭.

(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:વમસ/૧૨૮૮/૧૪૩૯(૧) ખ, તા. ૨૫/૧/૮૯.

(૬) નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતાનો પત્ર ક્રમાંક: સહ/યોજના/૮૯/૭૩૬, તા. ૨૫/૫/૮૯.

**ઠ રા વ :-**

આ મુખમાં જણાવેલ તા. ૩/૬/૧૯૮૩ના સરકારશ્રીના ઠરાવ પ્રમાણે અનુસૂચિત જાતિ/જનજાતિ તથા વિમુક્ત જાતિઓને વિચરતી જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે નીચે પ્રમાણેની સહાય આપવાનું ધોરણ અમલમાં છે.

1. રૂા. ૧૨૫૦/- લોન(૮વા જમુક્ત)
2. રૂા. ૧૨૫૦/-સહાય
3. રૂા. ૦૫૦૦/-લાભાર્થીનો શ્રમફાળો

---

કુલ રૂા. ૩૦૦૦/-મકાનની ટોચની કિંમત.

........૨........

૨. હાલમાં મકાન બાંધકામના દરોમાં ખૂબ જ વધારો થયેલ છે તેથી અનુસૂચિત જનજાતિના ઇસમોને આપવામાં આવતી સહાય તથા લોનની રકમમાં વધારો કરવાનું સરકારની વિચારણા હેઠળ હતું. આ બાબતમાં અનુ. જાતિના કિસ્સામાં આમુખ(૫) આગળ દર્શાવેલ તા. ૨૫/૧/૮૯ ના ઠરાવથી જે સુધારો કરવામાં આવેલ તે ધોરણ અનુસૂચિત જનજાતિ માટે પણ લાગુ કરવાનું ઠરાવવામાં આવે છે. અને તે મુજબ અનુ. જનજાતિ માટે નીચે દર્શાવ્યા મુજબની સુધારેલ યોજના અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

૧. મકાનની ટોચની કિંમત રૂા. ૧૦,૦૦૦/- રહેશે.

૨. મકાનની સહાયની રકમ રૂા. ૧૦,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ, તે બે માંથી જે ઓછું હોય તેના ૯૦ ટકા.

૩. લાભાર્થીઓ શ્રમ ફાળો રૂા. ૧૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ તે બે માંથી જે ઓછું હોય તેના ૧૦ ટકા.

૪. <u>આવક મર્યાદા :-</u>

(૧) અનુસૂચિત જનજાતિ (આદિમજુથ સિવાય) ના લોકો માટે આવક મર્યાદાનું ધોરણ વાર્ષિક રૂા. ૧૨,૦૦૦/- રહેશે.

(૨) આદિમજૂથના અનુસૂચિત જનજાતિના લોકો માટે આવક મર્યાદાનું ધોરણ લાગુ પડશે નહીં.

૫. <u>સહાયનું ચુકવણું :-</u>

(૧) અરજી મંજુર થયેથી પ્રથમ હપ્તા પેટે મંજુર થયેલ રકમના ત્રીજા ભાગની રકમ ચુકવવામાં આવશે.

(૨) રૂફ લેવલ સુધી બાંધકામ પૂર્ણ કર્યા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી મંજુર થયેલ રકમના ત્રીજા ભાગની રકમ બીજા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

(3) મકાન પૂર્ણ થયા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી બાકીની રકમ ત્રીજા અને છેલ્લા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

૬. <u>યોજનાનો લાભ કોને મળશે :-</u>

(૧) મકાન વિહોણા પરંતુ પોતાની માલીકીની જમીન ધરાવતા અનુસૂચિત જનજાતિના લોકો કે જેમણે અન્ય ગૃહ નિર્માણ યોજના હેઠળ લાભ

......૩......

મેળવેલ ન હોય.

(૨) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તેવું તદ્દન કાચુંઘર માટીનું કામચલાઉ ઝુંપડું કે જે લાંબો સમય ટકી શકે તેવું ન હોય તે ધરાવનાર અનુસૂ-ચિત જનજાતિના ઇસમો પણ આ યોજનાનો લાભ મેળવવા પ્રાત થશે.

૭. <u>યોજનાનો અમલ :-</u>

(૧) યોજનાનો અમલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા કરવામાં આવશે.

(૨) ઠરાવમાં નિયત કરેલ શરતો પ્રમાણે લાભાર્થી યોજનાનો લાભ મેળવવા પાત્ર છે કે કેમ તેની પુરતી ચકાસણી જે તે જિલ્લાના પછાત વર્ગ કલ્યાણ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારીએ કરવાની રહેશે.

(3) યોજનાની શરત બહાર સહાયનું ચુકવણું થયેલ માલુમ પડશે તો તે ક્ષતિ માટે સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારીને જવાબદાર ગણીને ખોટી રીતે ચુકવાયેલ રકમ તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

(૪) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી મંજુર કર્યા બાદ અગ્રતા ક્રમ પ્રમાણે સહાય મંજુર કરવામાં આવશે.

3. ઉપરોક્ત સુધારાને કારણે થનાર વધારાના ખર્ચને પહોંચી વળવા માટેની જરૂરી વિગતવાર હુકમો હવે પછી કરવામાં આવશે. આ હુકમો ન થાય ત્યાં સુધી સુધારેલ દરે ચુકવણી કરી શકાશે નહીં.

૪. આ ઠરાવ ર. વિભાગની ફાઈલ ક્રમાંક: ટીએસપી/૧૦૮૯/૩૧૩/ધ, પરની તા. ૧૯/૭/૮૯ ની નોંધથી મળેલ સંમતિના આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેકશન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
૩. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૪. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૫. સચિવાલયના સર્વે વિભાગો.
૬. સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. નાણાકીય સલાહકારશ્રી,(આ.વિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
૯. આદિજાતિ વિકાસ વિભાગની સર્વે શાખાઓ.
૧૦. નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૧. સર્વે પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ, વર્ગ-૧.
૧૨. સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
૧૩. સર્વે કલેક્ટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૪. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
૧૬. સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
૧૭. સીલેક્ટ ફાઈલ.

[illegible]